INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                                 તા. ૨૩-૧૨-૨૦૨૨

- **ગુજરાત સરકારનો 'બેટી બચાવો'નો નારો માત્ર કાગળ ઉપર.**
- **ગુજરાત રાજ્યમાં રોજના સરેરાશ પાંચ દુષ્કર્મ – અમદાવાદમાં બે દુષ્કર્મ.**
- **ગુજરાત રાજ્યમાં 100માંથી 79 બળાત્કારના આરોપી છુટી જાય છે.**
- **સમગ્ર દેશમાં 18 વર્ષથી નાની ઉંમરની દિકરી ઉપરના દુષ્કર્મમાં અમદાવાદ પાંચમાં ક્રમે.**

આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકારોને સંબોધન કરતા પ્રદેશ પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવડિયા એ મહિલા સુરક્ષાને માત્ર " બેટી બચાઓ" ના નારા ઉપર સીમિત કરતી ગુજરાત સરકાર મહિલા ઉપર બનતા ગુન્હાઓ માં સરકાર નિષ્ફળ ગયી છે. રાજ્ય સરકારના ગૃહ મંત્રી હર્ષ સંઘવીના શહેર સુરતમાં દીકરીનું ધોળા દિવસે ગળું કાપવાની ઘટના બની છે, દિકરી ગંભીર રૂપથી ઈજાગ્રસ્ત છે. ઈશ્વરને પ્રાર્થના કે વહેલામાં વહેલી સ્વસ્થ થાય. ભૂતકાળમાં પણ દીકરીનું સુરત અને ખેડા માતરમાં ગળું કાપીને નિર્મમ હત્યા કરવામાં આવી હતી. અમદાવાદમાં માં-દીકરીની નિર્મમ હત્યા થાય અને શબ ફ્રીઝ અને કબાટમાં મળે. રાજકોટમાં વ્યાઝખોરો દ્વારા એક પરણિત મહિલાનું શારીરિક શોષણ કરવામાં આવે, જૂનાગઢમાં એક દીકરીને સામૂહિક પીંખી નાખવામાં આવે, આ છેલ્લા ત્રણ દિવસનો ઘટનાક્રમ છે. આ ઘટના ક્રમ ગુજરાત સરકારની મહિલા સુરક્ષાની નિષ્ફળતાને સ્પષ્ટ દર્શાવે છે.

ગુજરાતમાં મહિલા ઉપરના ગુન્હાઓ દિવસે અને દિવસે વધી રહ્યા છે. છેલ્લા એક વર્ષમાં મહિલા ઉપરના ગુન્હાઓમાં ૧૫%નો વધારોએ રાજ્યના ગૃહ વિભાગની નિષ્ફળતા નથી તો બીજું શું છે? છેલ્લા એક વર્ષમાં અમદાવાદમાં જ ૬૧૪ જેટલી દુષ્કર્મની ઘટનાઓ બની છે જે દિવસની સરેરાશ બે ઘટનાઓ ગણાય. ગુજરાત રાજ્યમાં રોજના સરેરાશ ૫ જેટલા દુષ્કર્મના ગુનાહ બની રહ્યા છે. ગુજરાત રાજ્ય માં છેલ્લા ૨ વર્ષમાં આશરે ૩૮૦૦ જેટલી દુષ્કર્મની ઘટનાઓ અને ૬૦ થી વધુ સામૂહિક દુષ્કર્મની ઘટનાઓ ઘટી છે.

સમગ્ર દેશમાં અઢાર વર્ષથી નાની દીકરીઓ ઉપર દુષ્કર્મમાં અમદાવાદ પાંચમા ક્રમે છે, જ્યારે અઢાર વર્ષથી નાની દીકરીઓની જાતીય સતામણીમાં છઠ્ઠા ક્રમે છે. સરકારની આ ગંભીર ગુન્હાઓ તરફની નીરસતા, સજા દર ઉપરથી ખ્યાલ આવે છે. મહિલા ઉપરના ગુન્હાઓના આરોપીઓમાં ૧૦૦ બળાત્કારના આરોપીમાંથી ૭૯ આરોપીઓ છૂટી જાય છે.

ભાજપ સરકારના મંત્રીશ્રી, પોતાના વિજય ઉત્સવ ઉજવવામાંથી બહાર આવી ગયા હોય તો આ અતિ સંવેદશીલ મુદ્દા ઉપર ધ્યાન આપે. ચમરબંધીને છોડીશું નહિ - કડક પગલાં લેશું જેવા નિવેદન થી કઈ નહિ થાય પણ કડક, નિષ્પક્ષ કાર્યવાહી થાય તે જરૂરી છે. સરકાર કામે લાગે અને વાતોના થાય તે જરૂરી છે. ગુજરાતનો ઈતિહાસ બેન દીકરીઓ માટે બલિદાન આપવાનો છે, આ પ્રકાર ની ઘટનાઓ ગુજરાતની અસ્મિતાને લજવે તેમ છે.

(પાર્થીવરાજસિંહ કઠવાડીયા)
પ્રવકતા
મો. 9898134146